# ..JOINT DIRECTOR (E.D.P CELL)

ફેક્સ ૦૭૯ ૨૩૨૫૯૭૬૦ DIRECTORATE OF ACCOUNNTS & TREASURY
સંયુક્ત નિયામક(ઈડીપી) 23256345 Block No. 17, " Vima & Lekha Bhavan"
હિસાબી અધિકારી 23256337 Dr.Jivraj Mehta Bhavan Complex
સીસ્ટમ એનાલીસ્ટ-૧ 23256338 Opp. M.L.A. Quarters.
સીસ્ટમ એનાલીસ્ટ- 23256339 Sector-10/B, Gaghinagar
ઈડીપી શાખા 23256341/42
ઈ-મેલ એડ્રેસ (1) Syanal-dat@gujarat.gov.in (2)edpcell-dat@gujarat.gov.in


નં.હિતિનિ/ઇડીપી/ટે-૩/કાર્ડેક્ષ/ ૧૪૪૬૨૨ તા. ૩-૦૬-૨૦૦૯

વિષય :- બોર્ડ/કોર્પોરેશનની કચેરીઓ માટે કાર્ડેક્ષ નંબર ફાળવવા બાબત.

## ::પરિપત્ર ::

નાણાં વિભાગના તા.૨૦-૩-૨૦૦૯ના ઠરાવથી છઠ્ઠા પગાર પંચ અન્વયે કરવાની થતી પગાર બાંધણી **"સંકલિત નાણાંકીય વ્યવસ્થાપન પધ્ધતિ"** ( **I F M S** ) અંતર્ગત Online કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

બોર્ડ/કોર્પોરેશનની વિવિધ કચેરીઓ કે જ્યાં છઠ્ઠા પગાર પંચ આપવાનો નિર્ણય લેવામા આવેલ છે,તે સંસ્થાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચ અન્વ્યે પગાર બાંધણી કરવા માટે I F M S અંતગત જરૂરી Login ID તથા Passward ઇ.ડી.પી.સેલની કચેરી ખાતેથી મેળવવાના રહે છે. જે માટે બોર્ડ/કોર્પોરેશનની કચેરી માટે કાર્ડેક્ષ નંબર ફાળવેલ હોવો જરૂરી છે.

બોર્ડ/કોર્પોરેશનમાં પ્રતિનિયુક્તિ ઉપર ફરજ બજાવતા સરકારી અધિકારી/કર્મચારીઓના સામાન્ય ભવિષ્ય નિધિ તથા વિવિધ પેશગીના ઉપાડ માટે નાણાં વિભાગના તા.૩-૧૧-૨૦૦૭ના ઠરાવ ક્રમાંક તજર/૧૦૨૦૦૭/૧૧૪૧/ઝ મુજબ બોર્ડ/કોર્પોરેશન માટે ઉપાડ અધિકારી તરીકેનો અલગ કોડ ફાળવવાનો રહેતો નથી, પરંતુ રકમ મંજુર કરનાર સત્તાધિકારીનો ઉપાડ અધિકારીનો કોડ બીલમાં દર્શાવવાનો રહે છે.જ્યારે તિજોરી કચેરીએ બોર્ડ/કોર્પોરેશનની મુખ્ય કચેરીને ફક્ત કાર્ડેક્ષ નંબર ફાળવવાનો રહે છે.

તેથી જો છઠ્ઠા પગાર પંચ અન્વ્યે **I F M S** અંતર્ગત પગાર બાંધણી કરવા માટે બોર્ડ/કોર્પોરેશન તરફથી કાર્ડેક્ષ નંબર ફાળવવાની દરખાસ્ત મળે ત્યારે, જો આવા બોર્ડ/કોર્પોરેશનને અગાઉ કાર્ડેક્ષ નંબર ફાળવેલ ન હોય તો, ઇ.ડી.પી.સેલની કચેરી ખાતેથી જરૂરી Login ID તથા Passward મેળવવા તિજોરી કચેરીએથી ફક્ત કાર્ડેક્ષ નંબર ફાળવવાનો રહેશે

આવા કિસ્સામાં હાલ પુરતુ બોર્ડ/કોર્પોરેશનને કાર્ડેક્ષ નંબર ફાળવવા સાથે અવર જવર પુસ્તિકા કે ઓળખ કાર્ડ ફાળવવાના રહેશે નહી.અને કાર્ડેક્ષ રજીસ્ટરમાં જે તે ડી.ડી.ઓ સામે ફક્ત છઠ્ઠા પગાર પંચ અન્વ્યે પગાર બાંધણી કરવા માટે કાર્ડેક્ષ નંબર ફાળવવામાં આવેલ છે તેવી નોંધ કરવાની રહેશે.

આપનો વિશ્વાસુ

સંયુક્ત નિયામક
ઇ.ડી.પી.

નકલ રવાના:-

(૧) શ્રેયાન તિજોરી અધિકારીશ્રી/તિજોરી અધિકારીશ્રી, જિ.તિ.કચેરી...............................(તમામ)

(૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી,પગાર અને હિસાબ કચેરી,અમદાવાદ, ગાંધીનગર.

C:\Documents and Settings\NEWUSER\Desktop\KSP1.DOC
- 190 -